# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬૨ તા.૨૬ -૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાઓનાં તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં તમામ સફાઇ કામદારો હાલ હડતાળ પર ગયેલ છે, જેનાં કારણે શહેરનાં મુખ્ય રસ્તાઓ, વિસ્તારો વગેરેની સફાઇની કામગીરી હાલમાં સ્થગિત થયેલ છે. જેનું નિરાકરણ થવામાં સમય જાય તેમ હોવાથી શહેરની સફાઇ ઉપર તેની અસર ન થાય તે હેતુસર આપની સ્કુલનાં તમામ બાળકોને તથા તેમનાં દ્વારા તમામ વાલીઓને ખાસ સૂચના આપવાની કે, હાલ શહેરના રોડ, રસ્તાઓ ઉપર ગંદકી ન થાય હેતુથી તેઓના ઘરનો કચરો જાહેર રોડ, રસ્તાઓ ઉપર નહિં નાંખવા અને જે-તે વાલીના ઘરનો કચરો એકત્ર કરી મ્યુનિ. કોર્પો.ની ડોર ટુ ડમ્પની ગાડી આવે ત્યારે અથવા જે-તે નજીકની મ્યુનિ. કચરા પેટી પર જ તેનો નિકાલ કરવામાં આવે. આ અંગે ખાસ તાકીદ કરીને બાળકો દ્વારા વાલીઓને તથા નાગરિકોને જણાવવું કે જેથી શહેરની સાફ સફાઇ પર થતી અસરને અટકાવી શકાય.

શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા આપણે સૌ તથા શહેરના સુજ્ઞ નગરજનોને ૨૬-ફેબ્રુઆરી આપણા અમદાવાદના જન્મ દિવસે સ્વચ્છતાની ભેટ ધરવા હૃદયપૂર્વકની અપીલ કરવામાં આવે છે.

ઉપરોક્ત વિગતો મુજબની જાણકારી આજે જ શાળાઓના તમામ વિદ્યાર્થીઓ થકી વાલીઓ તથા શહેરના વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તેવા પ્રયાસ કરવા જણાવવામાં આવે છે.

તા. ૨૬-૨-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી